# લાઈકન પ્લેનસ (Lichen Planus)ની હોમીયોપેથીક સારવાર

લાઈકન પ્લેનસ રોગમાં ચામડી તથા મોંની અંદરનાં ભાગમાં સોજો આવે છે.

ચામડી ઉપર જામ્બલી અથવા કથ્થૈ રંગના ધબ્બા પડે છે જેમાં ઘણીવાર ખંજવાળ આવે. મોંની અંદર - જીભ ઉપર, ગાલમાં, પેઢામાં સોજો આવે, એ ભાગ લાલ થઈ જાય, અને સફેદ લાઈનવાળો મોટો ડાઘ (Patch) બની જાય, ચાંદા પડે.

લાઈકન પ્લેનસ ઓટોઈમ્યુન (auto immune) રોગ છે. જેમાં આપણી રોગપ્રતિકારક શક્તિ આપણા જ શરીરના તંદુરસ્ત ભાગોને અસર કરે છે અને તકલીફ આપે છે. આ રોગ ચેપી નથી.

**લક્ષણો :-** ચામડી ઉપર જાંબલી રંગના ધબ્બા દેખાય, ખંજવાળ આવે, જાંબલી રંગવાળો ભાગ બીજી ચામડીથી ઉપસેલો નથી હોતો, કોઈકવાર blister પડે; મોંમા-સફેદ લાઈનવાળો patch - ગાલમાં, જીભ ઉપર અથવા પેઢામાં જોવા મળે, મોંમા ચાંદા પડે જે બહુ દુખાવો કરે; મોંમા બળતરા થાય, ગરમ વસ્તુ તીખી વસ્તુ બિલકુલ ખાઈ નહીં શકાય, બહેનોને વજાઈના (vagina)માં પણ ચાંદા પડી, બળતરા થાય, શારીરિક સંબંધ બાંધતી વખતે ખૂબ દુઃખે તથા બળતારા થાય, વાળ ઉતરે, માથાની ચામડી પર પણ ડાઘા પડે; નખ ખરબચડા થઈ જાય. એવું જોવા મળ્યું છે કે લાઈકન પ્લેનસને કારણે ચામડીનું કેન્સર (skin cancer) થવાનું જોખમ વધી જાય છે.

કારણ - લાઈકન પ્લેનસ થવાનું ખરૂં કારણ તબીબ શાસ્ત્ર જાણી નથી શક્યું, પણ એવું જોવામાં આવ્યું છે કે અમુક પરિસ્થિતિ અથવા રોગો આ રોગને થવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે, દા.ત. માનસિક ચિંતા/તાણ (mental stress, tension), હીપેટાઈટીસ સી (hepatitis C)નું infection; હીપેટાઈટીસ બી વેક્સીન (hepatitis B vaccine); ફ્લુ વેક્સીન (flu vaccine); અમુક પ્રકારના રંગ (pigment), chemical અથવા metals; advil, motrin, ibuprofen, naproxene, aleve વગેરે પ્રકારની દુખાવા અને સોજા માટેની દવાઓ; હૃદયરોગ (heart disease), high blood pressure (BP), આર્થરાઈટીસ (arthritis) માટે લેવાતી દવાઓ;

નિદાન :- લાઈકન પ્લેનસના નિદાન માટે જે ભાગ ઉપર અસર હોય એ ભાગની બાયોપ્સી (biopsy) કરવામાં આવે છે જેનાથી સચોટ નિદાન થઈ શકે. બીજી તપાસમાં - હીપેટાઈટીસ સી (hepatitis C) ટેસ્ટ; એલર્જી ટેસ્ટ (allergy test).

સારવાર :- ચામડીનું લાઈકન પ્લેનસ ઘણા વર્ષો સુધી રહી શકે છે અને કોઈક વાર એની મેળે પણ સારૂં થઈ શકે છે. મોંમા, vulva / vaginaમાં થયેલ લાઈકન પ્લેનસને મટાડવાનું ઘણું અઘરૂં હોય છે અને ઘણીવાર પાછું થઈ શકે છે.

એલોપેથીક સારવારમાં ખંજવાળ અને



દુખાવા માટે મુખ્ય દવાઓ અપાય છે. દા.ત., કોર્ટીકોસ્ટીરોઈડ (corticosteroid) જે રોગ પ્રતિકારક શક્તિને દબાવે છે જેથી લાલાશ અને દુખાવો ઓછો થાય, પણ એની આડ અસર ઘણી હોય છે અને લાંબો સમય લઈ નથી શકાતી તથા એ લેવાની બંધ કરવાથી તકલીફ પાછી આવે છે; રેટીનોઈડસ (retinoids - synthetic vitamin A) ચામડી પર લગાવવા માટે; ono steroid creams, anitihistamins, phototherapy.

હોમીયોપેથીક સારવાર કરવાથી વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ (immune system) તંદુરસ્ત અને સશક્ત બને છે એટલે એવા કોઈ પણ રોગ જેમાં રોગપ્રતિકારક શક્તિ પ્રભાવિત થઈ હોય અથવા અસરમાં આવી હોય. દા.ત. એલર્જી (allergy), ઓટો ઈમ્યુન ડીસીઝ (auto immune disease) વગેરે અને હોમીયોપેથીક દવા સારા કરી શકે છે.

લાઈકન પ્લેનસમાં પણ રોગ પ્રતિકારક શક્તિની ખામીને લીધે થાય છે એટલે હોમીયોપેથીક દવા સારી અસર આપે છે. હોમીયોપેથીમાં શરૂઆતમાં દર્દીની સંપૂર્ણ વિગત લેવાય છે જેને Case history કહે છે. એમાં દર્દીની હાલની તકલીફની વિસ્તૃત માહિતી, ભૂતકાળની બધી માંદગીઓ, વારસાગત રોગો, દર્દીની માનસિક (mental, emotional, psychological) ચિંતા, tension વગેરેની નોંધ લેવાય છે. ત્યાર પછી આ બધી માહિતીનો અભ્યાસ કરીને હોમીયોપેથીક દવા અપાય છે. આ દવા રોગીને તંદુરસ્ત કરે છે અને તેથી રોગ જડમૂળથી મટે છે. જ્યારે દવા ફક્ત રોગોને ધ્યાનમાં રાખી અપાય છે ત્યારે રોગ જડમૂળથી નથી મટતો પણ થોડો સમય પૂરતો અસર બતાવતો બંધ થઈ જાય છે. અથવા શરીરમાં દબાઈ (suppress) જાય છે. અને મોકો મળતા બમણા જોરથી પાછો આવે છે. એટલે જ હોમીયોપથીમાં રોગી પ્રત્યે પ્રથમ ધ્યાન અપાય છે અને પછી રોગ પ્રતિ.

મારી પાસે લાઈકન પ્લેનસના બધા પ્રકારના દર્દીઓ છે - શરીર પરના લક્ષણવાળા, મોં માં અસર બતાવતા અને vulva vagina ના લક્ષણોવાળા. આ રોગ ઉપર જણાવ્યા પ્રમાણે થોડો સમય માંગી લે એવો છે.

જાતે કરવા જેવું : મોં માં બરફ ચુસવો અથવા ઠંડા પાણીના કોગળા કરવા; ખોરાક તાજો અને તંદુરસ્ત ખાવો; ફળ અને પાંદડાવાળા શાકનો ઉપયોગ વધુ કરવો; મસાલાવાળી વસ્તુઓ બંધ કરવી ખાવામાં; પાણી પીવાનું વધારે રાખો; મગજને ચિંતા/tension થી મુક્ત કરવાના પ્રયાસ કરવા.

યાદ રહે લાઈકન પ્લેનસ રોગની જાણ થાય અથવા મોં માં દુખાવો, બળતરા, ચાંદા પડે, ગરમ/તીખું ખાવાથી તકલીફ થાય તો સારવાર જલદી શરૂ કરવી જરૂરી છે.

લાઈકન પ્લેનસ સિવાય જેમને વારંવાર મોં માં ચાંદા પડતા હોય, પેઢાની કોઈ તકલીફ હોય (દા.ત. પાયોરીયા, વગેરે) અથવા ચામડીનો કોઈ પણ વ્યાધી હોય (દા.ત. સોરીયાસીસ, કોઢ, ખસ-ખરજવું વગેરે) તો અમારો સંપર્ક જરૂર કરશો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic: 885, Progress Avenue, Office # 216, Scarborough, ON. (Markham Rd. + Progress Ave., South of 401, behind McDonald)**

## ☺☺☺ જોક્સ ☺☺☺

સુરેશઃ સુખી લગ્નજીવન અને કૌટુંબિક લોકશાહી માટે મારી પાસે એક મહત્વની ટિપ છે.
રમેશઃ શું?
સુરેશઃ સાસુ-વહુની જન્મકુંડલી પણ મેચ કરાવી લેવાની.

☺☺☺

દીકરોઃ પપ્પા, મુંબઈ BMCની ચૂંટણીમાં ૫૫ ટકા મતદાન થયું.
પપ્પાઃ કંઈક શરમ કર. હવે વોટિંગના પરસેન્ટેજ પણ તારા રિઝલ્ટ કરતાં વધારે આવી રહ્યા છે.

☺☺☺

છોકરોઃ ૧૪૩.
છોકરીઃ મતલબ?
છોકરોઃ I love you.
છોકરીઃ ૨૫૧.
છોકરોઃ આનો મતલબ?
છોકરીઃ બુદ્ધુ... ૨૫૧ નું રીચાર્જ કરાવી દે.

☺☺☺

રિપોર્ટરઃ તમારા ગામમાં સ્કૂલ છે?
ગામવાસીઃ હા.
રિપોર્ટરઃ હોસ્પિટલ છે?
ગામવાસીઃ ના.
રિપોર્ટરઃ બીમાર પડો તો ક્યાં જાવ છો?
ગામવાસીઃ સ્વર્ગ.

☺☺☺

ઈન્ટરવ્યૂ લેનારઃ આપકા નામ?
ઉમેદવારઃ વિકાસ.
ઈન્ટરવ્યૂ લેનાર (મોદીભક્ત): અચ્છા, આપ ગુજરાત કે હો...
ઉમેદવારઃ નહીં, મૈં યૂપી કા હૂં.
ઈન્ટરવ્યૂ લેનારઃ ઝૂઠ મત બોલો, યૂપી મેં વિકાસ હૂઆ કબ?

☺☺☺

ડોક્ટર મગનઃ રાતે ટેન્શન રાખીને સૂવું નહીં જોઈએ.
દદી છગનઃ તો શું પિયર મોકલી દઉં?

☺☺☺

રઈસઃ ગુજરાત કી હવા મેં હી વ્યાપાર હૈ સાહબ. મુઝકો તો રોક લોગે મગર હવા કો કૈસે રોકોગે?
ઈન્સ્પેક્ટરઃ હવાલદાર, પંખા બંધ કર.

☺☺☺

છોકરોઃ મારો પ્રસ્તાવ સ્વીકારી લે, ગઠબંધન કરી લે અને તારી સરકાર બનાવી લે.
છોકરીઃ નીકળ અહીંથી, હાઈકમાન્ડ જોઈ લેશે તો સરકાર બનતા પહેલા જ પડી જશે.

☺☺☺

સાધુમહારાજઃ અમે તો વર્ષો સુધી વાતચીત ન કરીએ. અમે એને 'મૌનવ્રત' કહીએ છીએ.
સુરેશઃ અમારો પણ એવો જ અનુભવ છે, પણ અમે એને 'મેરેજ' કહીએ છીએ.

☺☺☺

પતિને એ જોઈને નવાઈ લાગી.
એણે કહ્યું, 'આવા સવારના ટાઈમે મેકઅપ?'
પત્નીઃ 'તમે ચૂપ રહો. મારે મારાં ફોનનું લોક ખોલવાનું છે. મેં પાસવર્ડ તરીકે મારો ચહેરો જ મૂક્યો છે અને
હવે એ રોન્ગ પાસવર્ડ કહે છે.'

☺☺☺

છોકરાવાળાઃ તમારી દીકરીને શું આવડે છે?
છોકરીવાળાઃ કલાકો સુધી ફોન પર વાત કરતા આવડે છે..
અહીંયાની વાત ત્યાં ને ત્યાંની વાત અહીંયા.

☺☺☺